# ચિરાગે હિદાયત



## આ અઠવાડિયાની મુનાસેબત

૦૧ શવ્વાલ –   ઈદુલ ફિત્ર

## માહે રમઝાનનની રૂખ્સતી

આવો અઝીઝો માહે રમઝાનને આ દુઆની સાથે રૂખ્સત કરીએ કે **'અય અલ્લાહ! આ માહે રમઝાનને અમારા માટે રોઝા રાખવાનો આખરી ઝમાનો ન કરાર દેજે અને અગર તે આવો જ ફેંસલો કરી લીધો છે તો પછી તારી રહેમતથી નવાઝવા આવેલાઓમાં અમારો શુમાર કર અને તારી રહેમતથી અમને મહેરૂમ ન કરજે.'** (ઈલાહી આમીન)

## ઈદનો તહેવાર

ઈદ–ઉલ–ફિત્ર એ એક એવો અજોડ તહેવાર છે જેનો સંબંધ કોઈ ઐતિહાસીક ઘટનાથી નથી, ન કે તેનો સંબંધ કોઈ ઋતુની સાથે છે, ન તો તે દુન્યવી બાબતથી સંબંધિત છે. આ એક એવો તહેવાર છે જે ઈન્સાનની રૂહાનીય્યતને જાહેર કરે છે. માહે રમઝાનના રોઝાઓ પૂરા થતાની સાથે જ રોઝેદારની રૂહો પાક થઈ જાય છે અને તે ગુનાહોથી એવા પાક થઈ જાય છે જેવી રીતે કોઈ બાળક તેની માંના પેટથી જન્મયું હોય.

મૌલા અલી(અ.સ.) ફરમાવે છે **''ઈદ માત્ર એ લોકો માટે છે જેમના રોઝાઓ કબૂલ કરવામાં આવ્યા તેમજ નમાઝોને માન અને કદરની નજરથી જોવામાં આવી.''**

## ઈદનો મકસદ

દીને ઈસ્લામ એ એવો કામીલ દીન છે કે જેમાં અલ્લાહ તઆલાએ જે કાંઈ હુકમો નાઝિલ કર્યા છે. જેમ કે નમાઝ, રોઝા, હજ, ઝકાત. તે દરેકની પાછળ કોઈને કોઈ હેતુ છે એવી જ રીતે ઈદનો દિવસ એ છે કે જ્યારે મુસલમાનોનો સમૂહ અલ્લાહની ખુશી માટે એકઠો થાય છે અને તેનો શુક્ર અદા કરે છે કે જે તેણે તેના બંદા

ઉપર અહેસાન કર્યા છે. તેણે તાકત, મનોબળ અને સબ્ર અતા કરી કે જેથી તે અલ્લાહના હુકમનું પાલન કરી શકયા અને રોઝા રાખ્યા. આ દિવસને યવ્મે ઈજ્તેમાઅ (સમૂહમાં એકઠા થવાનો દિવસ) યવ્મે ફિત્ર, યવ્મે ઝકાત, યવ્મે રગબત (અલ્લાહથી નઝદીકી મેળવવાનો દિવસ) જેને આપણે ઈદ–ઉલ–ફિત્ર તરીકે વધારે જાણીએ છે. **ઈદના દિવસે લોકોનું અલ્લાહની બારગાહમાં જમા થવું એક ખાસ મકસદ ધરાવે છે. મોઅમીનો આપસમાં મળે અને પોતાના આપસી સંબંધોને તાજા કરે, ઝઘડાઓને ખત્મ કરે, એકબીજાને માફ કરી દે અને દિલોના કીના તેમજ ઈખ્તેલાફનો ખાત્મો કરે અને તેની બદલે દિલમાં એકબીજા પ્રત્યે મોહબ્બત અને હમદર્દી લાવે.**

ઈદ કૌમની વ્યક્તિઓને એક બીજાની નિકટ લાવવાની તથા મિલ્લતના અંગોને આપસમાં સંગઠીત તથા એક કરવા માટે છે. જેવી રીતે અલ્લાહે દિનમાં પોતાની બંદગી રાખેલ છે તેવી જ રીતે માનવ પ્રગતિ અને કૌમી ઈખલાસ અને વ્યક્તિગત ભલાઈને પણ લક્ષમાં રાખેલ છે. ઈદનો દિવસ એક એવો ઈસ્લામી મકસદ છે કે ઈન્સાનો અખ્લાકની તકમીલ કરે અને તેને ફેલાવે, ઈત્તેહાદ અને બરાબરી પૈદા કરે, અમીર અને ફકીર, તાકતવર અને કમઝોર બધા એક જ થઈને ભાઈચારાની રગબત અપાવે.

* ઈદની બીજી હિકમતોમાં ઈન્સાનની ઝાહેરી અને બાતીની પાકીઝગી છે ને કૌમની તમામ વ્યક્તિઓને ફાયદો પહોંચાડે છે જેમાં ગુસ્લ કરવું, પાક સાફ કપડાં પહેરવા, ખુશ્બુ લગાવી, મોમીનો સાથે મુસાફેહો કરવો, ઈદની નમાઝ માટે જમા થાય, ખૈરાત અને સદકો આપે, મોહતાજોને મદદ કરવી કે જેની માટે ખાસ ફિત્રાનો હુકમ આપવામાં આવ્યો છે.

* હઝરત ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે **“ઝકાતે ફિત્રાનું આપવું દરેક તે જણ ઉપર વાજિબ છે કે જે તે માટેની શક્તિ ધરાવતો હોય અને જે લોકો જાણી જોઈને ઝકાતે ફિત્રાને નથી આપતા તો તેના રોઝા કબૂલ થતા નથી. ઈમામ(અ.સ.)**

પોતાના ખાદીમને ફરમાવતા હતા કે તમે ઘરના બધા માણસોનો ફિત્રો કાઢો અને ખ્યાલ રહે કે કોઈ પણ તેમાં બાકી ન રહી જાય, નહી તો ખૌફ રહે છે કે તે હલાક થઈ જશે.

* *મૌલા અલી(અ.સ.) એ ઈદુલ ફિત્રના મૌકા ઉપર આપેલ ખુત્બો :*

અય લોકો ! ખરેખર તમારા માટે આ દિવસ એ દિવસના જેવો છે જયારે નેકુકારને તેનો અજ્ર આપવામાં આવશે અને બદકારો નુકશાનમાં રહેશે. આ એ દિવસની યાદ અપાવે છે જે દિવસે તમે તમારા પરવરદિગારના હુઝુરમાં ઉભા હશો. તેથી જયારે તમે તમારા ઘરોમાંથી નીકળીને ઈબાદતગાહ તરફ જાઓ ત્યારે તમારી જાતને એ વાતની યાદ કરાવો કે જયારે તમારી રૂહો તમારા શરીરમાંથી નીકળીને તમારા રબ તરફ જશે (કયામતમાં) અને જયારે તમે તમારા ઘરો તરફ પાછા ફરો ત્યારે એ ઘડીને યાદ કરો કે તમને તમારા જન્નતના ઘર તરફ ફેરવવામાં આવશે. અય અલ્લાહના બંદાઓ, બેશક જે લોકો મર્દ હોય કે ઔરત જેઓએ માહે રમઝાનના રોઝા રાખ્યા છે તેઓને અલ્લાહ તરફથી ઓછામાં ઓછો અજ્ર એ આપવામાં આવશે કે ફરિશ્તાઓ માહે રમઝાનના આખરી દિવસે નીદા આપશે કે અય અલ્લાહના બંદા તમને એ ખુશખબરીની બશારત આપવામાં આવે છે કે અલ્લાહે તમારા ગુઝરેલા ગુનાહોને માફ કરી દીધા છે. *(નહજુલ બલાગાહ)*

*હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે ઈદની રાત્રિને ઈનામવાળી રાતનું નામ આપવામાં આવ્યું છે અને જયારે ઈદનો દિવસ આવે છે ત્યારે અલ્લાહ તઆલા દરેક શહેરમાં ફરિશ્તાઓને મબઉસ કરે છે અને તેને ઝમીન ઉપર નાઝિલ કરે છે. જે આવાઝ આપે છે કે* અય મોહમ્મદ(સ.અ.વ.)ની ઉમ્મતવાળાઓ તમારા રબ્બે કરીમની તરફ નીકળો એ તમને ઈનામ આપી રહ્યો છે અને અઝીમ બક્ષિશ અતા કરે છે. જયારે લોકો મસ્જીદોમાં નમાઝ અદા કરવા માટે જાય છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ગવાહ બનાવીને ફરમાવે છે કે માહે રમઝાનના રોઝા રાખવાનો અને ઈબાદત કરવાનો અજરો સવાબ મેં મારી રીઝાયત અને મગફેરત પર

રાખ્યો છે. ‘અય મારા બંદાઓ’ આજે મારાથી સવાલ કરો મને મારી ઈઝ્ઝત અને બુઝુર્ગીની કસમ આજે તમે મને દુનિયા અને આખેરતના બારામાં જે સવાલ કરશો તે હું જરૂર અતા કરીશ અને મારી ઈઝ્ઝતની કસમ તમારા ઐબોને ઢાંકીશ, તમારી હિફાઝત કરીશ અને તમને જહન્નમીઓ સામે શરમીંદા થવા નહી દઉં, હવે તમે તમારા ઘરો તરફ પલટી જાઓ એ હાલતમાં કે મેં તમને બક્ષી દીધા છે અને તમે મારાથી રાઝી થઈ ગયા અને હું તમારાથી રાઝી થઈ ગયો. *(આમાલી-એ-શેખ સદુક અ.ર.)*

અઝીઝો! આ અઝીમ દિવસ કે જયારે આપણે આપણા કોઈ પણ અઝીઝને ભુલતા નથી, તેઓ ગમે તેટલા દૂર હોય તો પણ ઈદના દિવસે તેમને ફોન કરીને ઈદ મુબારક જરૂર કરશું. પણ એ વાત આપણા માટે કેટલી અસહ્ય છે કે આપણે આપણા ઈમામને ઈદ મુબારકના પૈગામ નથી આપી શકતા. આજે જુમ્આનો દિવસ છે આવો આપણે અલ્લાહ પાસે આપણા ઈમામની ગયબતની ફરિયાદ કરીએ અને એ ઈમામની ગેરહાજરીનો અહેસાસ કરીએ અને પૂછીએ કે

**લયત શેઅરી અયનસ તકરત બેકન્નવા**

કાશ કે હું જાણી શકતે કે આપનું રહેઠાણ કયાં છે? તે કઈ ઝમીન છે જે આપના અસ્તિત્વથી સરફરાઝ છે? *(દુઆ-એ-નુદબા)*

એ વાત કેટલી અસહ્ય છે કે હું બધાને જોઉં અને આપના દીદારથી મહેરૂમ રહું. અય ફરઝંદે રસૂલ ! શું મુલાકાતનો કોઈ માર્ગ છે? *(દુઆ-એ-નુદબા)*

અય અલ્લાહ અમે તને ફરિયાદ કરીએ છે અમારા નબીના ન હોવાથી અને અમારા વલીની ગયબતની કે અમારી મદદ કર, એવી કામયાબી વડે જે તું અમને જલ્દી અતા કર. જે પ્રભુત્વશાળી હોય, અને જેને તું હકના સામ્રાજય થકી જાહેર કર અને તારી રહેમતના વસીલાથી તુ અમને ઢાંકી દે અને આફિયત વડે જેનો પોશાક તું અમને પહેરાવી દે. અય સૌથી વધારે રહમ કરનાર. *(દુઆ-એ-ઈફ્તેતાહ)*

**અલ્લાહુમ્મ અજજીલ લે વલીયેકલ ફરજ.**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com